જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૮/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૮૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૪ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૬૮૮/૧૭**

**ચાંદખેડા :** ભરતકુમાર કરશનલાલ મેસરીયા (ઉ.વ.૫૪)(રહે,જાનવી બંગ્લોઝ મણીકૃપા સ્કુલની સામે IOC રોડ, ચાંદખેડા) એ તા.૨૨/૮/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૨૧/૮/૧૭ સવારના ૬/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨,૧૭,૫૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**રખિયાલ :** જયંતીભાઇ ડાહ્યાભાઇ લાવંત્રા(રહે,ગર્વમેન્ટ જી કોલોની ડી/૨૭ દાવાખાના સામે રખિયાલ) એ તા.૨૧/૮/૧૭ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૧૭ ના કલાક ૯/૩૦ થી તા.૨૦/૮/૧૭ રાતના ૧૦/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીનું લોક તોડી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૧૩,૦૦૦/- અને રોકડ નાણા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૩,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.દેવધા ચલાવે છે.

**વટવા :** આશિતભાઇ મુકુન્દરાય ભટ્ટ (ઉ.વ.પ૨) (રહે,સેકટર-૦૭, સમ્રાટનગર ઇશનપુર) એ તા.૨૧/૮/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૮/૧૭ સવારના ૭/૦૦ થી તા.૨૧/૮/૧૭ સવારનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાનાં મકાનનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તમામ ચીજ-વસ્તુઓ મળી કુલ કિંમત રૂપિયા ૪૪,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૯/૧૭</u>**

**વાડજ :** કિર્તીકુમાર નટવરલાલ ગજ્જર (ઉ.વ.૫૦)(રહે,શીતલવાડી સોસાયટી, સેકટર-૪ રાણીપ રોડ નિર્ણયનગર નવાવાડજ) એ તા.૨૧/૮/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૧૭ ના કલાક ૧૧/૪૦ વાગ્યાના સુમારે નવાવાડજ અખબારનગર સેન્ટ્રલ બેંકની અંદર કિર્તીકુમાર રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦/- જમાં કરાવવા સારૂ ગયેલ તે વખતે કોઈ અજાણી વ્યક્તિએ કિર્તીકુમારની નજર ચુકવી તેમની કપડાની થેલીમાંથી રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુંબડીયા ચલાવે છે.

<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૯૦/૧૭</u>

**કૃષ્ણનગર :** કામીનીબેન વા/ઓ દીલીપકુમાર પટેલ (રહે,શીખર એવન્યુ દીવ્ય જ્યોત સોસાયટીની બાજુમા નીકોલ રોડ નરોડા) એ તા.૨૧/૦૮/૧૭ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૮/૧૭ રાતનાં ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે વિજયપાર્ક ત્રણ રસ્તા આગળથી પોતાના પતિ સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ કામીનીબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.વી.ખરાડી ચલાવે છે.

<u>સીડી ઉપરથી પડી જતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૬૯૧/૧૭</u>

**ચાંદખેડા :** રોહીત S/O પીન્ટુભાઇ પટેલ (ઉંમર ૧૦ માસ)(રહે,તુલસી રેસીડેન્સીની સાઈડ પર આઈ.ઓ.સી. રોડ ચાંદખેડા) તા.૨૦/૦૮/૧૭ સાંજનાં ૫/30 વાગ્યાનાં સુમારે તુલસી રેસીડેન્સીની સાઈડ પર પહેલા માળેથી સીડી વાટે નીચે ઉતરતા, સીડીમાં નીચે પડી જતાં શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સિવિલ હોસ્પીટલ લઇ જતા સારવાર દરમ્યાન રોહીતનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જ્યંતિભાઈ ચલાવે છે.

<u>પગથીયા ઉપરથી પડી જતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૬૯૨/૧૭</u>

**નરોડા :** સોમાજી માધુસિહ રાજપુત(ઉ.વ.૩૮)(રહે,મોહન ચેમ્બર્સ ભરવાડવાસ નરોડા) તા.૧૯/૦૮/૧૭ નાં કલાક ૮/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પગથીયા પરથી પડી જતાં, શરીરે માથાના ભાગે ગંભીર ઇજા થતાં, સારવાર માટે દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૮/૧૭ રાતના ૮/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u>　　<u>સમાચાર યાદી નં.૧૬૯૩/૧૭</u>

**એલીસબ્રીજ :** કેતનાબેન દિપકભાઇ વ્યાસ (ઉ.વ.૫૧)(રહે,કોચરબ ગામ પટેલવાસ પાલડી) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૧૭ ના કલાક ૧૨/00 વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અંબાલાલ નાગજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.